ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# હાથતાળી આપીને વારંવાર ચાલ્યો જતો વરસાદ



આકાશ વાદળોથી સતત ગોરંભાયેલુ છે પરંતુ વરસાદ વરસતો નથી

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૪

દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં છેલ્લા બે-ત્રણ દિવસથી સારો કહી શકાય તેવો વરસાદ પડી રહ્યો છે પરંતુ ગાંધીનગર-અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં ધાર્યો વરસાદ હજુ પડતો નથી. આકાશમાં વાદળો ઘેરાયેલા છે. પરંતુ વરસાદ જાણે હાથતાળી આપી જતો રહે છે.

છેલ્લા એકાદ અઠવાડિયાથી ગાંધીનગરમાં વાદળોનો જમાવડો જોવા મળી રહ્યો છે. આકાશમાં જમા થયેલા કાળાડિબાંગ વાદળો જોઈ એવુ લાગે છે કે હમણાં વરસાદ પડશે પરંતુ છેલ્લા બે-ત્રણ દિવસથી રાહ જોવા છતાં વરસાદ પડતો નથી. બુધવારે શહેરમાં બે-ત્રણ ઝાપટા પડ્યા હતા પરંતુ તે પછી વરસાદ જાણે સતત હાથતાળી આપી રહ્યો છે. આજે સવારે પણ શહેરના આકાશ પર વરસાદી વાદળોનો જમાવડો જોવા મળ્યો હતો. હમણાં વરસાદ પડશે તેવું લાગતુ હતુ પરંતુ વરસાદ હાથતાળી આપીને છટકી ગયો હતો. બપોરે તો તડકો નીકળતા વરસાદની રહી સહી આશા પર પણ પાણી ફરી વળ્યુ હતુ.

મધ્યપ્રદેશ પર છવાયેલા અપર એર સાયકલોનિક સિસ્ટમની અસર

● અનુસંધાન પાન-૭ પર

## આજકાલમાં જ વરસાદ : અંબારામ પટેલની આગાહી

ગાંધીનગર, તા. ૨૪

વરસાદ હજુ મન મુકીને વરસતો નથી પરંતુ આગામી બે-ત્રણ દિવસમાં જ ધોધમાર વરસાદ વરસી શકે છે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે હમણા મોડે મોડે પણ રાજ્યના ઘણા ભાગોમાં વરસાદ થતાં ખેડૂતોમાં વરસાદના લીધે કૃષિપાકો અંગે વાવેતર તેમજ ઉભા કૃષિમોલ માટે મોલ સારો થવાની આશા બંધાણી છે. પરતુ હજુ મેહુલીયો મન મુકી બધે વરસતો નથી. પ્રાતઃ ઉત્તર ગુજરાતના ભાગોમાં અને રાજ્યના અન્ય ભાગોમાં હજુ પણ ખેડૂત ભાઈઓ સારા વરસાદની રાહમાં છે. ભૌગોલિક બાબતો તેમજ અન્ય આધારે જોતા તા. ૨૫મી સુધીમાં હળવા-મધ્યમ વરસાદની વકી રહેશે. જ્યારે દરિયા કિનારાના ભાગો તેમજ પંચમહાલ અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં તેમજ મધ્ય ગુજરાતના ભાગો સુધી સારો વરસાદ થઈ શકે.

ઉત્તર ગુજરાતના ભાગોમાં વરસાદ અંગે જોતા તા. ૨૬થી ૨૯માં બનાસકાંઠા, ઉત્તર ગુજરાતને અડીને કચ્છના ભાગો, સાબરકાંઠા, ખેડબ્રહ્મા, હિંમતનગર, અરવલ્લી જિલ્લો, ગાંધીનગર, અમદાવાદ, કલોલ, મહેસાણાના ભાગો પાટણ અને ગુજરાત અન્ય ભાગોમાં કોઈ જગ્યાએ મધ્યમ તો કોઈ જગ્યાએ ભારેથી અતિભારે વરસાદ થઈ શકે. વરસાદની ચિંતા કરવા જેવું નથી. મધ્ય પ્રદેશનું વહન તેમજ અરબી સમુદ્રનું વહન વરસાદ લાવી શકે. વરસાદનો માર્ગ સાબરકાંઠા ઉત્તર ગુજરાત, સુરેન્દ્રનગર, ચોટીલા થઈને સૌરાષ્ટ્રના માર્ગમાં થઈ ગીરનાર પર્વત અને બરડા પર્વત સુધી વરસાદ લાવી શકે. સાતપુડા પર્વત, રાજપીપળા, પંચમહાલ, ભરૂચ, વડોદરા, મધ્ય ગુજરાતના ભાગોમાં વરસાદની વકી રહે.

## ગાંધીનગર ડેપોને મોડલ ડેપો બનાવવાની યોજના અભેરાઈએ

### ડેપોમાં મુસાફરોની સલામતી અને સુવિધાઓના નામે મીંડુ : ડેપોને અપગ્રેડ કરવા પણ કોઇ પગલા લેવાયા નથી

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવાની યોજના લાંબા સમયના અંતે પણ અધ્ધરતાલ છે. ડેપોને મોડેલ બનાવવાની સોહામણી જાહેરાત બાદ આ દિશામાં લાંબા સમયના અંતે પણ કોઈ નક્કર પગલા લેવાયા નથી. ડેપોના બિલ્ડીંગના વર્ષો જુના બાંધકામ તેમજ મુસાફરોને ડગલે ને પગલે વેઠવી પડતી સમસ્યાઓનો હજુ અંત આવ્યો નથી. જયારે સે-૨૮-૨૯ પાસે કન્ટ્રોલ પોઈન્ટ બનાવવાની યોજના પણ પડી ભાંગી છે. એક વર્ષ અગાઉ આ મામલે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી હતી. પરંતુ કોઈકારણોસર કામ પડતુ મુકવામાં આવ્યુ હતુ.નગરના ડેપોને મોડેલ બનાવવાની વાત તો દુર પણ મુસાફરોની સલામતી પણ રામભરોસે છે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવાની યોજના હવા થઈ ગઈ છે. ડેપોને તબક્કાવાર નવી બસો ફાળવવામાં આવ્યા બાદ ડેપો સંકુલને સ્પર્શતા પરિબળોને અપગ્રેડ કરવાનું વિસરાયુ છે.દાયકાઓના અંતે પણ ડેપો સંકુલમાં મુસાફરોની

● અનુસંધાન પાન-૭ પર




(તસવીર : કશ્યપ નિમાવત)

## આર.ટી.ઓ. કચેરીમાં અરજદારોને ધક્કા

### કોમ્પ્યુટર સિસ્ટમ છાશવારે ખોટવાય છે : નવા લૂકની હાઇટેક કચેરીમાં અરજદારોની સમસ્યાઓ યથાવત

ગાંધીનગર તા ૨૪

શહેરના ગ માર્ગ પર સ્થિત હાઈટેક આર ટી ઓ કચેરીમાં સઘળુ આંગળીના ટેરવે હોવાનું જાણે અવ્યવસ્થારૂપ બની ગયુ છે. છાશવારે ખોટવાતી કોમ્પ્યુટર સિસ્ટમ તેમજ સર્વર ડાઉન થવાની સમસ્યાના લીધે અરજદારો પરેશાન થઈ ગયા છે. જયારે કેટલાક કીસ્સામાં પ્રિન્ટ મેળવવા માટે કાગળો ઉપલબ્ધ ન હોવાથી તે પણ અરજદારોએ હાથમાં લઈને જવુ પડતુ હોય તેવો સુર પણ ઉઠવા પામ્યો છે.

નગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં વારંવાર સમસ્યાઓ ઉદભવતા અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવતો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. પેપરલેસ કહેવાતી નગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં મોટાભાગનો વહિવટ કોમ્પ્યુટરાઈઝ છે. જયારે કામ્પ્યુટરરાઈઝ સિસ્ટમમાં વારંવાર ખામી સર્જાતા અરજદારોએ ઘણીવાર ધક્કા ખાવાનો વારો આવે છે. પ્રિન્ટર સહિતના સાધનો પણ ખોટવાઈ જાય છે. સોફટવેર ખોટવાતા અરજદારોને હાલાકી વેઠવાનો વારો આવે છે. જયારે કોમ્પ્યુટર સિસ્ટમના લીધે મેન્યુઅલી કામગીરી થઈ શકતી નથી. જયારે કેટલાક કીસ્સામાં અરજદારોને પ્રિન્ટ કાઢવા માટે કાગળ પણ સાથે લઈને જવુ પડે છે. આર ટી ઓ કચેરીમાં વેઈટીંગ રૂમમાં લાંબા સમયથી એ સી પણ બંધ હોવાના લીધે આકરી ગરમીમાં અરજદારોએ પરસેવે ભીંજાવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરીમાં સઘળી વ્યવસ્થા આંગળીના ટેરવે કરી દેવાઈ છે પરંતુ અરજદારોને પડતી હાલાકીનો અંત આવ્યો નથી.

## ડૉ. કાંતિ શેખાતના માતુશ્રીનું અવસાન

ગાંધીનગરના જાણીતા તબીબ ડૉ. કાંતિભાઈ શેખાતના માતુશ્રી અને ડૉ. નીતાબેન શેખાતના સાસુશ્રી નાથીબા શેખાતનું તા. ૨૩મી જુલાઈના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તા. ૨૬-૭-૨૦૧૫ના રોજ સવારે ૯ થી ૧૨ સૌરાષ્ટ્ર પટેલ સમાજની વાડી, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે રાખેલ છે.

## વાહનના માટે HSRP નંબર પ્લેટના દર નિયત

### ક્ષતિપૂર્ણ પ્લેટને વિના મૂલ્યે બદલાશે

અમદાવાદ, તા.૨૪

સુપ્રિમ કોર્ટના આદેશ અન્વયે તમામ પ્રકારના મોટર વાહનો પર વાહન નોંધણી નંબર તરીકે હાઈ સિક્યુરીટી રજિસ્ટ્રેશન પ્લેટ (એચ એસ આર પી) લગાવવાની ફરજિયાત બનાવાઈ છે. જે અંતર્ગત રાજયમાં નવા નોંધાતા તમામ વાહનો પર એચ એસ આર પી લગાવવા આર ટી ઓ એ આર ટી ઓ કચેરી ખાતે વ્યવસ્થા કરવામાં આવી છે. રાજયના જુદા જુદા ૮૦ ડિલર્સ-શો-રૂમને પણ એચ એસ આર પી લાગડવા અધિકૃત કરવામાં આવ્યા છે. તેમ વાહન વ્યવહાર કમિશનરની કચેરી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર વાહનના પ્રકાર પ્રમાણે રાજય સરકાર દ્વારા એચ એસ આર પી ની ફી આ મુજબ નિયત કરાઈ છે. જેમાં ટુ-વ્હીકલ્સ-ટ્રેક્ટરની ફી ૧૨૦, થ્રી-વ્હીલરની ફી ૧૫૦, ફોર વ્હીલરની ફી ૩૫૦ અને હેવી લ્હીકલ્સની ફી ૩૭૦ નક્કી કરાઈ છે. એચ એસ આર પી ફીટમેન્ટ માટે ફી સિવાય વધારાની ફી કે ચાર્જ વાહન માલિકોએ ચૂકવવાનો રહેશે નહી. જે વાહનોની એચ એસ આર પી ઝાંખી થઈ ગયેલ હોય અથવા સંપૂર્ણપણે સફેદ થઈ ગઈ હોય તેવી એચ એસ આર પી (પ્લેટ)ને વિનામુલ્યે સંબંધિત આર ટી ઓ એ આર ટી ઓ કચેરીમાંથી બદલાવી શકાશે, તેમ પણ આ યાદીમાં જણાવાયું છે.

## રાજ્યભરમાં પહેલી ઓગસ્ટથી મહિલા સશક્તિકરણ પખવાડિયું ઉજવાશે

### પખવાડિયા દરમિયાન દરેક દિવસની એક અલગ જ દિવસ તરીકે ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં રાજય સરકારે મહિલા સશક્તિકરણની નવતર પરિભાષા આપી છે. મહિલાઓના વિકાસની વિશેષ ચિંતા કરી નારી શક્તિના સામર્થ્યને વિકાસમાં જોડવા માટે મહિલા સશક્તિકરણ અભિયાન હાથ ધર્યુ છે. તદ્દુનાસાર રાજય સરકાર દ્વારા તા. ૧લી થી ૧૪મી ઓગષ્ટ દરમિયાન મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવનાર છે.

પખવાડિયા દરમિયાન દરેક દિવસની એક અલગ જ દિવસ તરીકે જુદાં-જુદાં વિષય વસ્તુ સાથે ઉજવણી કરવામાં આવનાર છે. તદનુસાર મહિલા સશક્તિકરણ પખવાડિયાના દિવસોની ઉજવણી આ પ્રમાણે કરાશે. તા.૧લી ઓગષ્ટ, મહિલા સુરક્ષા દિવસ, તા. ૨જી ઓગષ્ટ, બેટી બચાવો બેટી પઢાવો, તા. ૩જી ઓગષ્ટ, મહિલા સ્વાવલંબન દિવસ, તા. ૪થી ઓગષ્ટ, મહિલા નેતૃત્વ દિવસ, તા. ૫મી ઓગષ્ટ, મહિલા આરોગ્ય દિવસ, તા. ૬ઠ્ઠી ઓગષ્ટ, મહિલા સ્વચ્છતા જાગૃતિ દિવસ, તા. ૭મી ઓગષ્ટ, મહિલા શિક્ષણ દિવસ, તા. ૮મી ઓગષ્ટ, મહિલા કૃષિ દિવસ, તા. ૯મી ઓગષ્ટ, મહિલા કલ્યાણ દિવસ, તા. ૧૦મી ઓગષ્ટ, મહિલા બાળ પોષણ જાગૃતિ દિવસ, તા. ૧૧મી ઓગષ્ટ, મહિલા કર્મયોગી દિવસ, તા. ૧૨મી ઓગષ્ટ, મહિલા અને કાનૂની જાગૃતિ દિવસ, તા. ૧૩મી ઓગષ્ટ, શ્રમજીવી મહિલા દિવસ અને તા. ૧૪મી ઓગષ્ટ ૨૦૧૫ને મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ તરીકે ઉજવણી કરાશે.

શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વવાળી વર્તમાન સરકારે મહિલા સશક્તિકરણને નવી જ દિશા આપી છે. મહિલાલક્ષી નાણાંકીય ફાળવણી-જેન્ડર બજેટ, કન્યા કેળવણીને ઉત્તેજન આપવા હેતુસર વિદ્યાલક્ષ્મી બોન્ડ, મહિલા પશુપાલકો માટે આર્થિક અને સાધન સહાય આપવાની અનેક યોજનાઓ મહિલાઓ માટે તાલીમ યોજનાઓ અને નારીશક્તિની હાથ બનાવટની રાખડીઓના વેચાણ માટે રાખી મેળાનું સફળ આયોજન જેવા અનેકવિધ કાર્યક્રમો હાથ ધર્યા છે.

મહિલા સશક્તિકરણ દ્વારા રાજયના વિકાસને એક નવી જ ઉર્જા મળે છે અને ગતિશિલ ગુજરાતની વિકાસાભિમુખ ગતિ વધારે તેજ બની છે. મહિલા સશક્તિકરણ પખવાડિયાને અર્થપૂર્ણ અને સફળ બનાવીને તેનો વ્યાપ વધારીને ગ્રામીણ અને શહેરી વિસ્તારોની તમામ મહિલાઓને આવરી લેવા માટે રાજય સરકાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### બેસણું




અમારા માતુશ્રી **નાથીબા (ઉ.વ.૮૯)** તા. ૨૩-૭-૧૫ના રોજ ગૌલોકવાસી થયા છે. **સદ્ગતનું બેસણું તા. ૨૬-૭-૧૫ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ, ઉમિયા માતાજીના મંદિર પાછળ, સેક્ટર-૧૨, ગાંધીનગર**

| | |
|---|---|
| ડો. કાંતિલાલ મેપાભાઈ શેખાત | ડો. નીતાબેન કાંતિલાલ શેખાત |
| રતિભાઈ મેપાભાઈ શેખાત | જયાબેન રતિભાઈ શેખાત |
| રમણીકભાઈ મેપાભાઈ શેખાત | જ્યોત્સનાબેન રમણીકભાઈ શેખાત |
| દામજીભાઈ મેપાભાઈ શેખાત | હંસાબેન દામજીભાઈ શેખાત |

તથા મેપાબાપા શેખાત પરિવાર




## ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લી.

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪II, સેક્ટર-૧૬, ગાંધીનગર.

### વાર્ષિક સાધારણ સભા અંગેની નોટીસ

આથી બેન્કના સર્વે સભાસદશ્રીઓને જણાવવામા આવે છે કે, આપણી બેન્કની ૪૧મી વાર્ષિક સાધારણ સભા તા. ૯-૮-૨૦૧૫ને રવિવારે સવારે ૯-૦૦ કલાકે બેન્કની હેડ ઓફીસ ખાતેના મકાનમાં ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે નીચે જણાવેલ કામકાજ સારૂ મળશે. જેમાં સર્વે સભાસદ મિત્રોએ સમયસર હાજરી આપવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. તા. ૨૮-૯-૨૦૧૪ના વાર્ષિક સાધારણ સભાની પ્રોસીડીંગને બહાલી આપવા બાબતે.
૨. તા. ૩૧-૩-૨૦૧૫ના રોજ પુરા થતા વર્ષનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી તૈયાર કરેલ અહેવાલ, બેન્કનું ઓડિટ થયેલ સરવૈયુ તથા નફા - તોટાનો હિસાબ અને નફાની વહેંચણી મંજૂર કરવા બાબત.
૩. ઓડિટરના રિપોર્ટની નોંધ લેવા બાબત.
૪. સહકારી કાયદાની કરમ-૬૭(એ) હેઠળના વસુલાતના કેસોમાં તથા સમાધાન રાહે વસુલ કરેલ કેસોને મંજૂરી આપવા બાબતે.
૫. સને ૨૦૧૫-૨૦૨૦ના વર્ષ માટે વર્તમાન સહકારી કાયદાનુસાર તા. ૧૨-૭-૨૦૧૫ના રોજ કરવામાં આવેલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીનું પરિણામ જાહેર કરવા તથા બહાલી આપવા માટે.
૬. ચેરમેનશ્રીની મંજુરીથી રજૂ થાય તે કામ બાબતે.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સુચનાથી**
**વિક્રમ કે. પટેલ**
**મેનેજીંગ ડિરેક્ટર**

નોંધ : ૧. હિસાબી વિષયક માહિતી અંગેની વિશેષ જાણકારી માટે તા. ૫-૮-૨૦૧૫ સુધીમાં લેખિત માંગણી કરી બેન્કમાંથી રૂબરૂ માહિતી મેળવી લેવા વિનંતી.
૨. કોરમના અભાવે સભા મુલત્વી રહેશે તો અર્ધા કલાક બાદ મુલત્વી રહેલ સભા તેજ સ્થળે એ જ કામ માટે ફરીથી મળશે જેમાં કોરમની જરૂરિયાત રહેશે નહિ.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
STEEL TIGER
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383/82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com